

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા 'માનવ સ્મૃતિ' સરગાસણ ખાતેની મંદબુદ્ધિ બાળકોની નિવાસી શાળામાં દીપાવલી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ફટાકડા, આતશબાજી અને ભોજન-મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રમુખ લા. જશવંતસિંહ રહેવર, ઉપપ્રમુખ લા.જે.એસ. પ્રજાપતિ, લા. મોહનભાઈ પરમાર, લા. મૌલિક ચૌધરી, લીઓ પ્રમુખ નિખિલ સોની અને લીઓ ટીમ ઉપસ્થિત રહી હતી.

# કાળી ચૌદશની સદીઓ જૂની ગેરમાન્યતાના ખંડન કાર્યક્રમનું રાજ્યમાં આયોજન

## કાળી ચૌદશ બુધવારે મહિકા ગામના લોકો સ્મશાનમાં ભોજન આરોગશે

ગાંધીનગર, તા. ૨૧

ભારતમાં કાળીચૌદશની ખોફનાક વાતો, કથનો, શાસ્ત્રો આધારિત ઘટનાઓ, કપોલકલ્પિતથી વાતોથી વર્ષોથી લોકો ગુમરાહ થઈ જાતજાતના નિવારણના ક્રિયાકાંડોના વળગણમાંથી મુક્ત થવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ કાળી ચૌદશની ગેરમાન્યતાના ખંડન માટે રાજ્યવ્યાપી કાર્યક્રમો યોજવા સંબંધી જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં શુભેચ્છકો અને વિજ્ઞાનપ્રેમીઓએ ૬૦૦ નાના મોટા નગરોમાં કાળીચૌદશના ખંડનના નવતર કાર્યક્રમો માટે ઝુંબેશ હાથ ધરી છે. જાથાનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના મોટા મહિકા ગામમાં યોજવાની ઘોષણા કરવામાં આવી છે. જાથા રાજ્યમાં ૨૦ વર્ષથી ઝુંબેશ ચલાવે છે. કાળીચૌદશના કકળાટ કાઢવાનો રીવાજ, ચાર ચોકમાં કુંડાળા કરવા, અશુભ દિવસ, સ્મશાનમાં મેલીવિદ્યાની ઉપાસના જેવા ડિંડક કાર્યક્રમો બંધ કરવા જેહાદ જગાવી લોકસહકાર માટે શ્રેણીબદ્ધ કાર્યક્રમનોનું આયોજન કરવામાં આવ્યું છે. સ્મશાનમાં સમસ્ત ગ્રામજનોએ સાંજે સમુહ ભોજનનું આયોજન કર્યુ છે.

જાથાના રાજ્ય ચેરમેન જયંત પંડ્યા જણાવે છે કે ગોંડલ તાલુકાના મોટા મહીકા ગામના સ્મશાનમાં સમસ્ત ગામ લોકોના ભોજનનું આયોજન હોઈ વહેલો કાર્યક્રમ યોજાશે. સ્મશાનમાં મેલીવિદ્યાની નનામી કાઢી તેને બાળીને ભસ્મીભૂત કરી નાખવામાં આવશે. કથિત ભૂત-પ્રેતનું સરઘસ કાઢી ભય દૂર કરવામાં આવશે. સ્મશાનના ખાટલે વડા-ભજીયા જે ચાર ચોકમાંથી એકત્ર કરેલા છે તે આરોગવામાં આવશે. સદીઓ જૂની કાળીચૌદશની ખોફનાક વાતો-કથા છે તેને જાકારો આપવામાં આવશે. મહિલાઓને સ્મશાનના ખાટલા ઉપર બેસાડી ભજીયા આરોગવાનો કાર્યક્રમ છે. બેટી બચાવો અભિયાનને ટેકો આપવા અને સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવશે. રાજ્યમાં શુભેચ્છકોએ અનેક નાના-મોટા નગરોમાં સ્વૈચ્છિક રીતે સ્મશાનમાં કાર્યક્રમો યોજ્યા છે તેને જાથા આવકારે છે. ૬૦૦ જાગૃતોએ પોતાના ગામમાં આયોજનો નક્કી કર્યા છે.

જાથાના પંડ્યાએ વધુમાં જણાવ્યું છે કે દુનિયામાં મેલીવિદ્યા જેવું કશુ જ નથી છતાં તેના નામે લોકો સાથે ઠગાઈ કરવામાં આવે છે. લેભાગુઓ ભૂત, પ્રેત, પિશાચ, ડાકણના નામે તૂત ચલાવે છે. કાળીચૌદશના દિવસે હોમહવન, નિવારણ, સાધના, સિદ્ધિના નામે તૂત પૂરબહાર ચાલે છે. અંધશ્રદ્ધા આપણને વારસામાં મળી છે. તેના પરિણામો ભોગવીએ છીએ. ખોટું અનુસરણ કરવાથી ભાવિ પેઢીને માનસિક નુકસાનીની ભેટ આપીએ છીએ. કકળાટના વડા, ભજીયા, કુંડાળામાં મુકવાના બદલે ભુખ્યા લોકોની જઠરાગ્નિને સંતોષ આપવો તે મહાપુણ્યનું કામ છે. બાળકોને કુંડાળા વિગેરે ક્રિયાકાંડોથી દૂર રાખવા જોઈએ. કાળીચૌદશને શુભ દિવસ તરીકે ઉજવવો જોઈએ. અશુભ માનવીના મનની ઉપજ છે.

## સેક્ટર-૨ પેન્શનર્સ સમાજનો બુધવારે સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેક્ટર-૨ માં નિવાસ કરતા પેન્શનર મિત્રોનો સ્નેહમિલન કાર્યક્રમ તથા માસિક બેઠક તા. ૨૯મી ઓક્ટોબરના રોજ સરકારી દવાખાના સામેના બગીચામાં મળશે. સભ્યોએ હાજર રહેવા પેન્શનર્સ સમાજના અગ્રણી શ્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

## આજે સમૌ અને ચ-૬ પાસે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

આજે કાળી ચૌદશના દિવસે ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ આજે મંગળવારે રાત્રે ૮-૦૦ કલાકે કષ્ટભંજન નિવાસ ચ-૬ કોર્નર હર્ષદ મહેતાના નિવાસ સ્થાને તેમજ સવારે ૮.૩૦ કલાકે છબિલા હનુમાનજી મંદિર સમૌ ગામ ખાતે યોજવામાં આવશે. બંને ધાર્મિક કાર્યક્રમમાં ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મોચી સમાજ જોગ

ગાંધીનગર, તા. ૨૧

સેકટર-૩૦ મુકિતધામ ખાતે વિવિધ સંસ્થાઓ અને સમાજો દ્વારા ઈષ્ટ દેવી દેવતાઓની મુર્તિઓ પ્રસ્થાપિત કરવામાં આવે છે ત્યારે ગાંધીનગર શહેર મોચી સમાજ આગામી સમયમાં પૂજય સંતશ્રી લાલાબાપાનીમૂર્તિ પ્રસ્થાપિત કરશે તે માટે સમગ્ર મોચી સમાજને આ કાર્યમાં ઉદાર હાથે ફાળો આપવા જ્ઞાતિજનોને વિનંતી કરી છે.

# ફીકસ પગારના કર્મચારીઓને પૂરતો પગાર આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ

ગાંધીનગર, તા. ૨૧

ફીકસ પગારમાં વધારો કરવાને બદલે રાજય સરકારે કર્મચારીઓ અને તેમના પરિવારનો વિચાર કરી તેમને પૂરેપૂરો પગાર મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ તેમ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

જે અત્રે પત્રકારો સાથેની વાતચીતમાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ભાજપ સરકારે દિવાળીના સમયમાં કાયમી કર્મચારીઓનો વિચાર કરી દિવાળી નિમિત્તે તેમને પણ નિરાશ ન કરવા જોઈએ અને અગાઉની જેમ દિવાળી પહેલા તેમનો પગાર કરવો જોઈતો હતો.

તેમણે જણાવ્યું હતું કે કુપોષણની બાબતે આખા દેશમાં ગુજરાત પ્રથમ નંબરે આવે છે. શહેરી વિસ્તાર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારો અને તેમાંય ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં માતા અને બાળકો કુપોષણથી પીડાય છે. તેમની આ સરકારે દરકાર કરી નથી. સરકાર દ્વારા ગુજરાત અને ગુજરાની બહાર ગુજરાત મોડેલનું માર્કેટીંગ કરી કહેવામાં આવે છે કે ગુજરાતની પ્રજા સમૃધ્ધ બની ગઈ છે પરંતુ હકીકતમાં ગુજરાત મોડેલ જેવું કાંઈ જ નથી. દશેરાના દિવસે જેમ રાવણને વાઘા પહેરાવી તૈયાર કરવામાં આવે છે તેવું જ ગુજરાત મોડેલનું છે.

શંકરસિંહે સરદાર સાહેબના ગામ કરમસદના વિકાસ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે સરદાર સાહેબનું સ્ટેચ્યુ એક નવું સ્ટંટ છે. હજુ પણ નર્મદાના કેટલાક વિસ્થાપીતોનું પુનઃવસન થયું નથી. ત્યાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના નામે નવા વિસ્થાપિતો ઉભા કરવાનું દુઃસાહસ ભાજપની સરકાર કરી રહી છે તેના કારણે ત્યાં વસતા અસરગ્રસ્તોને સામુહિક આત્મહત્યા કરવા સુધીનું પગલું ભરવાની ફરજ પડે છે. જે ભાજપ સરકાર માટે શરમજનક છે.



### સિનીયર સીટીઝન્સ માટે બાંકડા મુકાયા

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા દત્તક સર્કલ ચ-૬ ખાતે સીનીયર સીટીઝન્સ માટેની બેઠક વ્યવસ્થામાં વધુ બે સ્ટીલના બાંકડા દાતાશ્રીના સૌજન્યથી અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ૫૦થી વધુ સીનીયર સીટીઝન્સ અને લાયન્સ કલબના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા તેમજ સર્વે માટે ચા-અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. પ્રમુખ જશવંતસિંહ રહેવરે આ સિનિયર સીટીઝન્સ, સવાર-સાંજ વૃક્ષોની છાયામાં ગોઠવેલ બેઠક વ્યવસ્થામાં આનંદ-કિલ્લોલથી સમય પસાર કરે છે તે પરત્વે સંતોષ વ્યકત કર્યો હતો. આ પ્રસંગે લાયન્સ મંત્રી રાજ ગૌડા, લીઓ પ્રમુખ નિખિલ સોની કલબના પૂર્વ પ્રમુખશ્રીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

# બીપીએડ અભ્યાસક્રમ માટે પરીક્ષા ફીમાં વધારો કરાયો

## સ્પોર્ટસ યુનિવર્સિટીની પરીક્ષા ફીમાં ૧૦૦ ટકાનો વધારો

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા બીપીએડના સેમેસ્ટર દીઠ પરીક્ષા ફીમાં ૧૦૦ ટકાનો ઘરખમ વધારો કરાયો છે જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં રોષની લાગણી વ્યાપી જવા પામી છે. વિદ્યાર્થીઓએ આ અંગે ફી વધારો પાછો ખેંચવા માટે ઉગ્ર માંગ કરી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં રમતગમતના વિકાસ માટે સરકાર દ્વારા અલગથી સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. અલગથી કોઈ કેમ્પસ કે ગ્રાઉન્ડ ધરાવતી આ યુનિવર્સિટીને ગાંધીનગરનાં જુના પીટીસી ભવનમાં જ આ યુનિવર્સિટી શરૂ કરી દેવામાં આવી છે. આ વિવાદ હજુ સમ્યો નથી ત્યારે સ્પોર્ટસ યુનિવર્સિટી ફરી એકવાર વિવાદનું કેન્દ્ર બની છે કારણ કે આ યુનિવર્સિટીના સંચાલકો દ્વારા મનમાની રીતે બીપીએડના અભ્યાસક્રમમાં સેમેસ્ટર દીઠની પરીક્ષા ફીમાં ૧૦૦ ટકા સુધીનો ઘરખમ વધારે ઝીકી દેવામાં આવ્યો છે. અત્યાર સુધી સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા બીપીએડ અભ્યાસક્રમની સેમેસ્ટર પરીક્ષા ફી પેટે રૂા. ૭૫૦ વસુલવામાં આવતા હતા ત્યારે આ પરીક્ષા ફી વધારે હોવાથી તેને ઘટાડવા માટે વિદ્યાર્થીઓ દ્વારા માંગ કરવામાં આવી રહી હતી પરંતુ સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા પરીક્ષા ફી ઘટાડવાની વાત તો દૂર રહી ઉલ્ટાની પરીક્ષા ફી વધારીને રૂા. ૧૫૫૩ કરી દેવામાં આવી છે. જેને લઈ બીપીએડના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉગ્ર રોષ વ્યાપી જવા પામ્યો છે. વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા ફીમાં કરવામાં આવેલ વધારો પાસો ખેંચવા માટે માંગ કરવામાં આવી છે.


# દિવાળી પર્વ પર BRTSની ૪૦ ટકા આવક ઘટી શકે છે

દિવાળીના પર્વની શરૂઆત થઈ ચુકી છે. આ ગાળા દરમિયાન બીઆરટીએસ અને એએમટીસની આવકમાં પણ ઉલ્લેખનીય ઘટાડો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. લોકોને આકર્ષિત કરવા માટે કેટલાક પગલા પણ લેવામાં આવ્યા છે. શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના સત્તાધીશો દ્વારા ગઈ કાલે એએમટીએસની મનપસંદ ટિકિટના ભાડામાં ઘરખમ ઘટાડો કર્યો છે. ઉતારુઓ ત્રણ મહિના સુધી આ ભાડાનો લાભ મેળવી શકશે જ્યારે બીઆરટીએસમાં દિવાળીના કારણે ૪૦ ટકા સુધીનો ઘટાડો થવાનો છે. નવા વર્ષથી લાભપાંચમ સુધીના પાંચ દિવસ રૂટ પર બસ પણ ઓછી મુકવાનું સત્તાધીશોએ જણાવ્યું છે.



ધનતેરસ નિમિત્તે ફૂલની ખરીદીમાં ઉલ્લેખનીય વધારો નોંધાયો હતો.

## શબ્દાવલી - ૫૫૪૦



### આડી ચાવી

૧. ઉપરીપણું દાખવવું તે (૫)
૫. છૂટકારાનો દમ લેવો, ... તેવો ઉદ્ગાર (૨)
૭. મમત, જીદ (૩)
૮. લાગ, તાકડો (૨)
૯. સ્થિર હોવું તે (૩)
૧૧. લાફો (૩)
૧૨. હિંદુ મહિનાનો દિવસ, મીતી (૨)
૧૩. ગરીબ હોવું તે (૪)
૧૫. પાનખર (૪)
૧૭. ભુલ, ચુક (૩)
૧૯. રોફ, રૂઆબદાર લાગે તેવું (૨)
૨૦. વરાળ (૨)
૨૧. મુડદાને દફનાવ્યું હોય તે જગ્યા તેની... કહેવાય (૩)
૨૨. દુનિયા, જગત (૩)

### ઊભી ચાવી

૧. હાજરી (૪)
૨. રચના કરનાર (૩)
૩. એક પવિત્ર મનાતું વૃક્ષ(૨)
૪. .... થી મસ ના થવું, અટલ રહેવું (૨)
૫. થોડી મારામારી જેવો ભાવ બતાવવો હિન્દી શબ્દ (૪)
૬. ગાડુ, બળદગાડુ (૩)
૧૦. રથમાં બેસનાર (૨)
૧૧. જુઠુ બોલવાની ટેવવાળો(૩)
૧૩. વીતી ગયેલ (૨)
૧૪. મનાવવું (૪)
૧૫. અરસ-પરસ (૪)
૧૬. જલ્દી, તુરંત (૨)
૧૮. શરાબ અને સુંદરી, શરાબ અને... (૩)
૧૯. એડવોકેટ (૩)

### શબ્દાવલી ૫૫૩૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિરામ (૪) પ્રણ (૫) વાવ (૬) અસારીયો (૭) દાણ (૮) જતિ (૧૦) આસાન (૧૧) નર (૧૨) દરવાન (૧૪) મરમ્મત (૧૬) અગમનિગમ (૧૮) નજર (૧૯) ભાર

**ઊભી ચાવી :-** (૧) વિવાદાસ્પદ (૨) રાવણ (૩) લાસા (૪) પ્રયોજન (૬) અવસાન (૯) તિર (૧૦) આવાગમન (૧૩) કરમ (૧૪) મગર (૧૫) તમ્મર (૧૬) અલી (૧૭) નિજ

# કિડ્ઝ સીટીમાં વિકલાંગોની ફીનો દર ઘટાડી ૩૦ કરાયો

## પાંચથી ૧૪ વર્ષની વયના બાળકો માટે પ્રવેશ ફી ૧૦૦

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદમાં કાંકરિયા લેકફ્રન્ટમાં આવેલા કિડ્ઝ સીટીની પ્રવેશ ફીને લઈને હંમેશા હોબાળો રહ્યો છે. ફીના ધોરણમાં સુધારા કરવામાં આવ્યા હોવા છતાં હજુ પણ ફી વધારે હોવાની વાત સામાન્ય લોકો કરી રહ્યા છે. અગાઉ વિકલાંગો માટે જે ફી હતી તેની સરખામણીમાં ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે છતાં ફીના ધોરણ વધારે હોવાનો મત સામાન્ય લોકો વ્યક્ત કરી રહ્યા છે. અપંગ બાળકો સહિત વ્યક્તિઓ માટેની પ્રવેશ ફીનો દર રૂા. ૨૦૦થી ઘટાડી માત્ર રૂા. ૩૦ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે ૫ થી ૧૪ વર્ષની વયના બાળકો માટેની પ્રવેશ ફી રૂા. ૧૦૦ યથાવત રખાઈ છે પરંતુ ૧૪ વર્ષથી વધુ વયના મુલાકાતી તથા બાળકો સાથે આવતા વાલીઓ માટેની પ્રવેશ ફીનો દર રૂા. ૧૫૦ હતો તે ઘટાડીને રૂા. ૫૦ કરવામાં આવ્યો છે. કિડ્ઝ સીટીમાં ડિજીટલ કેમેરો સાથે લઈ જવો હોય તો તેની ફી રૂા. ૧૦૦ હતી એ ઘટાડીને રૂા. ૨૦૦ કરાઈ છે. કિડ્ઝ સીટીમાં બાળકોનો શાળાકીય પ્રવાસ હોય તો બાળકોની પ્રવેશ ફી રૂા. ૧૦૦ યથાવત જ રાખવામાં આવી છે પરંતુ ૨૫ બાળકોએ એક શિક્ષકને વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવતો હતો તેને બદલે ૧૦ બાળકોએ એક શિક્ષકને વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવશે.

# રાધે ગેસ્ટનો પ્રોપર્ટી ટેક્ષ આખરે વસુલ કરાયો છે

અમદાવાદ, તા. ૨૧

મ્યુનિસિપલ કમિશ્નર ડી. થારાની સુચના હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર સીઆર ખરસાણના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલ કાર્યવાહી અંતર્ગત આજ તા. ૨૧-૧૦-૧૪ના રોજ દક્ષિણ ઝોનના ઈન્દ્રપુરી વોર્ડમાં હેલ્થ વિભાગ દ્વારા રાધે ગેસ્ટ હાઉસ પાસે રૂા. ૧,૦૭,૦૦૦ બાકી પ્રોપર્ટી ટેક્ષ પેટે વસુલ કરવામાં આવ્યા છે તેમજ તેઓ પાસેથી રૂા. ૧૦,૦૦૦ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ તેમજ મણીનગર વોર્ડમાં સિંધી માર્કેટ આસપાસના વિસ્તારમાં ગંદકી કરતા એકમોને કુલ-૨૫ નોટીસ આપી તેઓ પાસેથી રૂા. ૧૨,૦૦૦ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો છે.

### પાર્કીંગ વ્યવસ્થા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દાખવવામાં આવ્યો ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. અગાઉ પાર્કીંગ અને રોડ નેટવર્ક અપગ્રેડ કરવાની યોજના પણ વિચારાઈ ગઈ છે. જૂના સચિવાલયમાં નવા પાર્કીંગ પ્લેસ ઉભા કરવા તંત્ર દ્વારા આયોજન પણ કરી દેવાયું છે પરંતુ યોજના આખરી ન થતા લાંબા સમયના અંતે પણ પાર્કીંગની પેચીદી સમસ્યાનો ઉકેલ આવી શક્યો નથી. જ્યારે રોડ નેટવર્કને અપગ્રેડ કરવાનું પણ આયોજન થઈ શક્યું નથી. પાર્કીંગના માટે પણ આખરી પ્લાનીંગ થઈ શક્યું નથી. જેના લીધે સંકુલમાં આડેધડ વાહનો ખડકાયેલા જોવા મળે છે.

### ભાડામાં ફેરફાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેક્ટર-૧૬ માં આવેલ ઓપન એક થિયેટરની ફાળવણી અંગે તેમજ તેના ભાડાના નિયમો ઘડવામાં આવ્યા છે. જેમાં પ્રાયોગિક ધોરણે સૌ પ્રથમ તબક્કે આ ઠરાવમાં પ્રસિદ્ધ થયાની તારીખથી એક વર્ષની મુદત માટે ફેરફાર સાથે લાગુ કરવામાં આવશે.

ઠરાવ મુજબ એક વર્ષની મુદત માટે કરવામાં આવેલા આંશિક ફેરફારમાં ઓપન એર થિયેટર સ્ટેજ/લોન પર, રૂમમાં કે કેમ્પસમાં કોઈપણ જાતની ખાવા પીવાની વસ્તુ લઈ જઈ શકાશે. સફાઈ બાબતમાં-સફાઈની કામગીરી આઉટ સોર્સિંગથી કરાવી તેનો જે ખર્ચ હોય તે ભાડે રાખનાર પાસેથી વસુલ કરવામાં આવશે. તે રકમ ડિપોઝીટમાંથી બાદ કરી બાકી રહેતી રકમ પરત કરવામાં આવશે. ઓપન એર થિયેટરનું દૈનિક ભાડુ ત્રણ શિફ્ટ અનુસાર નક્કી કરાયેલ હોઈ લગ્ન પ્રસંગ, રીસેપ્શન જેવા અન્ય હેતુસર ટુંકાગાળાના સમય માટે ભાડે આપવા અંગે તે લાગુ પાડી શકાય નહી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઓપન એર થિયેટર ભાડે આપવા અંગે વધુ વિગતો અને ફાળવણીની કામગીરી માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે, તેમ માર્ગ અને મકાન વિભાગના ઠરાવમાં જણાવાયું છે.

# રિવરફ્રન્ટમાં ૧૭ કરોડના ખર્ચે ફ્લાવર ગાર્ડન બનશે

અમદાવાદ, તા. ૨૧

વિદેશ અને દેશના અમુક શહેરોમાં જ જોવા મળતાં આકર્ષક ફલાવર ગાર્ડનથી પણ ચઢિયાતો ફલાવર ગાર્ડન સાબરમતી રિવરફ્રન્ટ ઉપર આકાર લેવા જઈ રહ્યો છે. રૂા. ૧૭ કરોડના ખર્ચે નિર્માણ થનારા ગાર્ડનની કામગીરી નવેમ્બર મહિનામાં શરૂ થશે.

ફરવાફરવા માટે લોકપ્રિય સ્થળ બની ચુકેલા સાબરમતી રિવરફ્રન્ટમાં ગાર્ડન, બોટીંગ, ઝીપલાઈન સહિત અનેક આકર્ષણો ઉમેરાયાં છે, તદઉપરાંત પુસ્તક મેળો-ફલાવર શો, સાઈકલોથોન અને મેરોથોન માટે પણ રિવરફ્રન્ટ જ યાદ આવે છે. હજુ એમ્બીફીયસ બસ અને ફ્લોટીંગ રેસ્ટોરન્ટ સહિતના બીજા કેટલાક પ્રોજેક્ટ પણ ટુંક સમયમાં અમલમાં મુકાય તેવી ધારણા વચ્ચે રિવરફ્રન્ટ ઉપર કાયમી ફલાવર ગાર્ડન બનાવવાનો નિર્ણય લેવાયો હતો. રિવરફ્રન્ટનો હવાલો સાંભળતા ડેપ્યુટી કમિશ્નર એમ. એન્નારસને જણાવ્યું હતું કે, રિવરફ્રન્ટમાં ફલાવર ગાર્ડન માટે એલીસબ્રીજ અને સરદાર બ્રિજની વચ્ચે વીએસ હોસ્પિટલની પાછળના ભાગે ૪૫ હજાર સ્કેવર મીટર જગ્યા ફાળવાઈ છે. આ જગ્યામાં અનેક પ્રકારની સુવિધા સાથેનો ગાર્ડન બનાવવા ૧૭ કરોડના ખર્ચના અંદાજ સાથે ટેન્ડર બહાર પાડી દેવાયાં છે. તેમણે વધુ વિગતો આપતા કહ્યું કે, રાજ્યમાં પ્રથમ એવા ફલાવર ગાર્ડનમાં જ્યારે પણ જાવ ત્યારે જાતજાતના દેશી-વિદેશી ફૂલો જોવા મળે તેવા રોપા લગાવવામાં આવનાર છે.

ફલાવર ગાર્ડનમાં બગીચાને લગતી કામગીરી ઉપરાંત વિશાળ પ્રવેશદ્વાર, મુલાકાતીઓ માટે આકર્ષક બેઠક વ્યવસ્થા, લાઈટીંગ, ટોયલેટ, પાર્કીંગ અને કમ્પાઉન્ડ વોલ વગેરે પ્રકારના સિવિલ વર્ક પણ કરાશે. બગીચામાં પાણીનો વેડફાય નહીં તે માટે ડ્રીપ ઈરીગેશન સિસ્ટમ તથા સ્પ્રિકલર ફુવારા લગાવાશે, બગીચાની શોભા વધારવા માટે ફુલના રોપા ઉપરાંત ચારે દિશામાં વૃક્ષારોપણ કરાશે. બગીચામાં અંદર પણ નવીનત્તમ પ્રકારના વૃક્ષો જોવા મળશે તેમ ડેપ્યુટી કમિશ્નરે જણાવ્યું હતું.